## જન્મદિને વધામણી



ડૉ. કેશુભાઈ દેસાઈ
વરિષ્ઠ સાહિત્યકાર
મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨



ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



સાગર હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાહિલ હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



શિવાંગ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮

# ચિલોડા પે. સેન્ટર ખાતે શિક્ષકોની સેવાપોથી અદ્યતન બનાવવાનો કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા પે. સેન્ટર ખાતે ગાંધીનગર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચિલોડા પે સેન્ટર તાબા હેઠળની શાળામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકો પૈકી ચિલોડા પગાર કેન્દ્રની પ્રાથમિક શિક્ષકોની સેવાપોથીને અદ્યતન બનાવવાના કાર્યક્રમના ભાગરૂપે તા.૧લી મે, મંગળવારના રોજ ચિલોડા પગાર ખાતે ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. મોદી, ડભોડા બીટના ઈન્ચાર્જ, કેળવણી નિરીક્ષક અને ચિલોડા પગાર કેન્દ્રના આચાર્ય હર્ષદભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મંત્રી અરુણભાઈ પટેલ, તથા પૂર્વ પ્રમુખ જીગરભઆઈ પટેલ, કૃણાલભાઈ, સુરેશભાઈ, વગેરે તજજ્ઞ ટીમ દ્વારા શિક્ષકોની સેવાપોથીને અદ્યતન બનાવવાની કામગીરીને પૂર્ણ સ્વરુપે બનાવવા પ્રયાસો હાથ ધર્યા હતા.

આ કાર્યક્રમમાં ચિલોડા પગાર કેન્દ્રના ૧૦૧ શિક્ષકો સેવાપોથી સાથે ઉપસ્થિત રહી અદ્યતન બનાવવાના કાર્યમાં સહયોગી બન્યા હતા.

# રાજ્યકક્ષાના કવિસંમેલનમાં કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'નું સન્માન

ગાંધીનગર તા. ૨

પંડિત ઓમકારનાથ હોલ-ભરૂચ ખાતે રાજ્યકક્ષાનું કવિસંમેલન યોજાયું હતું. જેમાં કલોલ ના કવિશ્રી શૈલેષ પંડ્યા ભીનાશે અમદાવાદ વતી પ્રતિનિધિત્વ કરી કાવ્યપઠન કર્યું હતું . ગુજરાતમાંથી કુલ બાર કવિઓએ ભાગ લીધો હતો. ખલિલ ધનતેજવી, ડો.રશીદ મીર, નૈષધ મકવાણા, બાબુલાલ ચાવડા ,દિના શાહ , પ્રજ્ઞા વશી,ભરત ભટ્ટ 'પવન' વિગેરે કવિઓએ સુંદર કાવ્યપાઠ કર્યો હતો .ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે યોજાયેલા આ કવિસંમેલનમાં કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'નું 'તપોભૂમિ ભરૂચ' મોમેન્ટો અને સાહિત્ય ક્ષેત્રે કરેલા પ્રદાનનું સગૌરવ સ્મરણ કરીને રાજ્યસરકારે સન્માન કર્યું હતું. આ અગાઉ કવિ શ્રી શૈલેષ પંડ્યા 'ભીનાશ'ને ખેડા જિલ્લા સદભાવના એવોર્ડ ,ઉમ્મેદ એકતા એવોર્ડ,



લાંઘણજ યુવા સાહિત્યકાર એવોર્ડ એમ એમની સાહિત્યયાત્રા પોંખાતી રહી છે. કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' હાલ અમદાવાદ માં જી.ટી.પી.એલ ચેનલમાં પ્રોગ્રામ ડિરેકટર તરીકે ફરજ નિભાવે છે અને કવિતાનો વિકલી કાર્યક્રમ કાવ્યરસ કરે છે ..જેના કુલ ૯૪ એપિસોડ અત્યાર સુધી થયા છે. જેમાં ગુજરાત ના દરેક વિસ્તારમાંથી અનેક કવિઓ એ કાવ્યપાઠ કર્યો છે .એની સહર્ષ નોંધ લઈ રાજ્ય સરકારે, ભરૂચ વહીવટી તંત્રએ એમને સન્માનિત કર્યા છે.

# બિનગુજરાતી દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ 'જુઠાણુ' ૧૧મી મેના રોજ રીલીઝ થશે




અમદાવાદ તા. ૨

ગુજરાતી ફિલ્મોના ઈતિહાસમાં સૌપ્રથમવાર બિનગુજરાતી દિગ્દર્શક દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મ 'જુઠાણુ' તા. ૧૧મી મેના રોજ ગુજરાત સૌરાષ્ટ્ર તેમજ મુંબઈનાં સિનેમાઘરોમાં ધમાકાભેર રિલિઝ થનાર છે. પઝલ ફિલ્મસ એન્ડ કંપની અને સીઆરપી પ્રોડકશન દ્વારા પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ 'જૂઠાણુ'નું દિગ્દર્શન બિનગુજરાતી લેખક દિગ્દર્શક ચન્દ્રાધાર પુટા દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે ફિલ્મના નિર્માતા નિખિલ રામચંદાની છે.

'જુઠાણુ' ફિલ્મના દિગ્દર્શક ચન્દ્રાધાર પુટાએ જણાવ્યું હતું કે, ૫૦ વર્ષ અગાઉ અમારો પરિવાર ગુજરાતમા આવી વસ્યો હતો, આ ભૂમિએ અમને ઘણું આપ્યું છે. મારી માતૃભાષા ગુજરાતી ન હોવા છતાં ગુજરાતને કંઈક આપવાના હેતુથી ગુજરાતી ફિલ્મ 'જુઠાણુ' મારી કર્મભૂમિને અર્પણ કરતાં હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું અને મને વિશ્વાસ છે કે ગુજરાતી ફિલ્મના રસિકોને અમારી પારિવારીક ફિલ્મ ખુબ જ પસંદ આવશે.

ચન્દ્રાધાર પુટાએ વધુમાં જણાવ્યું હતું કે, ફિલ્મ 'જુઠાણુ'માં કોઈ નાયક-નાયિકા કે વિલન નથી ફિલ્મની કથા જ ફિલ્મનો મુખ્ય હાર્દ(હીરો) છે. ફિલ્મ માતા-પુત્રના લાગણીસભર સંબંધો આધારિત સામાજીક સંબંધો અને સંબંધોના મુલ્ય તેમજ માણસે તેના ખરાબ સમયમાં પણ ડગ્યા વગર આવેલી મુસીબતોનો સામનો કેવી રીતે કરવો તે શીખવતી ફિલ્મની કથાવસ્તુ છે.

ફિલ્મના અભિનેતા ઝલકકુમાર પટેલે જણાવ્યું હતું કે, દરેક અભિનેતાને જીવનમાં એકવાર પડકારરૂપ ભૂમિકા અદા કરવાની તક મળે, જે મને દિગ્દર્શક ચન્દ્રાધાર પુટા દ્વારા દિગ્દર્શિત થયેલી ફિલ્મ 'જુઠાણુ'માં મળી છે. ફિલ્મમાં ભજવેલી મારી ભૂમિકા દર્શકોને ખૂબ જ પસંદ આવશે.

જુઠાણું ફિલ્મની અભિનેત્રી ઐશ્વર્યા નાયકે જણાવ્યું હતું કે, એક અત્યંત રોમાંચક પારિવારિક ફિલ્મમાં અભિનય કરવાની મને ખૂબ જ મજા આવી હતી. ફિલ્મમાં એક સ્ત્રી કલાકાર તરીકે મને પડકારરૂપ ભૂમિકા મળી જેનો મને ગર્વ છે. આ ફિલ્મમાં અભિનય કરનાર દરેક કલાકારને તેમની ભૂમિકા અનુરૂપ સરખું મહત્વ આપવામાં આવ્યું છે.

'જુઠાણુ' ફિલ્મમાં ઝલકકુમાર પટેલ, ઐશ્વર્યા નાઈક, નિહાલ પટેલ, હેનીશ જરીવાલા, સીમરન અરોરાએ અભિનયનો કસબ પાથર્યો છે. જ્યારે ફિલ્મનું સુમધુર સંગીત મૃણાલ મડે દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. મૃણાલ મડેના સુમધુર સંગીતમાં તૈયાર કરવામાં આવેલા કુલ ૪ કર્ણપ્રિય ગીતોને જાણીતી ગાયિકા એશ્વર્યા મજમુદાર, ઓસમાણ મીર તેમજ પાર્થ ઓઝાએ તેમનો કંઠ આપ્યો છે.

# એન્જિનિયરિંગ માટે ઓપન બુક પરીક્ષાને મંજૂરી મળે તેવી શક્યતા

અમદાવાદ, તા.૨

એન્જિનિયરિંગ પ્રોગ્રામ્સ માટે ઓપન બુક એકઝામિનેશનને મંજૂરી મળી શકે છે. પરીક્ષા સુધારા પર ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને એક કમિટીની રચના કરી હતી. જેણે ઓપન બુક એકઝામિનેશનનું સૂચન કર્યું છે.

એઆઈસીટીઈ અને એચઆરડી મંત્રાલય આ રિપોર્ટ પર અભ્યાસ કરશે. જો તેને મંજૂરી મળી જશે તો એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ એકઝામ હોલમાં નોટ, ટેકસબુક અને રિસોર્સ મટીરિયલ લઈને જઈ શકશે.

કમિટીએ ઓપન બુક એકઝામ ઉપરાંત અલગ અલગ વિદ્યાર્થીઓની યોગ્યતા અને સામર્થ્ય મુજબ પ્રશ્ન પેપર તૈયાર કરવાની સૂચના પણ આપી છે. પેનલનું કહેવું છે ઓપન બુક સિસ્ટમનો પ્રસ્તાવ એટલે આપવામાં આવ્યો કેમ કે પરીક્ષાની પારંપારિક રીતમાં વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરવા માટે મજબૂર હોય છે. તે એસઆઈસીટીઈની સિસ્ટમમાં સુધારો કરવાની એક કોશિશ છે. જે હેઠળ તાજેતરમાં અભ્યાસક્રમમાં પણ બદલાવ કરાયો છે.

રિપોર્ટ મુજબ ભારતની એન્જિનિયરિંગ એજ્યુકેશન સિસ્ટમમાં પરીક્ષાઓ અને કવેશ્ચિયન પેપરની શૈક્ષણિક ગુણવત્તા ઘણા સમયથી ચિંતાનો વિષય રહી છે. કમિટીનું માનવું છે કે ઓપન બુક સિસ્ટમમાં



ખાસ કરીને એપ્લિકેશન, એનાલિસીસ અને ઈવેલ્યુએશનમાં વિદ્યાર્થીઓની સ્કીલનું પરીક્ષણ કરવામાં ખૂબ જ મદદ મળશે.

કમિટીએ પોતાના રિપોર્ટમાં કહ્યું કે ઓપન બુક એકઝામિશન લેખિત પરીક્ષાની જેમ જ છે, પરંતુ તેમાં વિદ્યાર્થીઓ પોતાની સાથે કલાસનોટ, ટેકસબુક કે અન્ય સ્ટડી મટીરિયલ્સ લઈ જવાની અનુમતિ હશે. તેમની પર ગોખણપટ્ટીનું કોઈ દબાણ નહીં રહે અને તેઓ તણાવમુકત રહેશે. તેનાથી સમસ્યાના સમાધાનની અને વિચારવાની ક્ષમતામાં વધારો થશે.

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

### એસ.જી. અંગ્રેજી મીડિયમ સ્કૂલ

**ધોરણ-૧**
૧ વ્યાસ દેવાંશી એમ.
૨ મેવાડા જાહ્નવી આર.
૨ પઠાણ શેરીશખાન એમ.
૩ યાદવ ધનુકુમાર ડી.

**ધોરણ-૨**
૧ રાઠોડ દર્શિતા ડી.
૨ શાહ મોક્ષ એન.
૨ પટેલ માન્યા
૩ સિંઘ દર્શ એસ.

**ધોરણ-૩**
૧ પટેલ નીતિ પી.
૨ પટેલ યશ્વી કે.
૩ પટેલ આરોહી એસ.

**ધોરણ-૪**
૧ પટેલ કર્મ એન.
૨ નાયક દેવર્ષિ એમ.
૩ સોલંકી પૃથ્વા કુંવરબા

**ધોરણ-૫**
૧ પટેલ પલ કે.
૨ ચૌદરી નવીન એસ.
૩ પટેલ મંથન આર.

**ધોરણ-૬**
૧ આદિદ્રવીડા સૃધિકા વી.
૨ મકવાણા હેત્વી વી.
૩ દવે ચૈતન્ય એન.

**ધોરણ-૭**
૧ પટેલ સમર્થ બી
૨ પાવાગઢી રક્ષિત ટી
૩ દવે વૈદેહી પી.

**ધોરણ-૮**
૧ શાહ સ્નેહ પી
૨ પટેલ હેત પી.
૩ શાહ આર્યન કે.

### શ્રી જે.એમ .ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

**ધોરણ-૯**
૧ ચૌધરી નીપલ બાબુભાઈ
૨ ચૌધરી શૈલી અલ્કેશકુમાર
૩ ચૌધરી ક્રિષામહેન્દ્રભાઈ
૩ પટેલ કમળા ઈશ્વરભાઈ

**ધોરણ-૧૧ સાયન્સ**
૧ પરમાર માર્ગી રાજેશકુમાર
૨ ચૌધરી જીજ્ઞાબેન વકતાજી
૩ ચૌધરી ઊર્મિ રામસિંહભાઈ

**ધોરણ-૧૧ આર્ટસ**
૧ ચૌધરી જીજ્ઞાસા રામજીભાઈ
૨ ઠાકોર નીતાબેન શંભુભાઈ
૩ ચૌધરી મિત્તલ રામાભાઈ

**ધોરણ-૧૧ કોમર્સ**
૧ રાણા નેન્સી ભરતભાઈ
૨ ચૌધરી મિત્તલ જશુભાઈ
૩ ચૌધરી પવી હીરાજી

# રિવરફ્રંટ પર ડૉ. વિક્રમ સારાભાઈની પ્રતિમા મુકવામાં આવશે

અમદાવાદ, તા.૨

ભારતના રોકેટ વિજ્ઞાનના પિતા ડોક્ટર વિક્રમ સારાભાઈની પ્રથમ પ્રતિમા અમદાવાદમાં સ્થાપવામાં આવશે. AMC દ્વારા ઉસ્માનપુરામાં વિક્રમ સારાભાઈના નિવાસસ્થાનની બહાર સાબરમતી રિવરફ્રંટ પર તેમની પ્રતિમા સ્થાપિત કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે. પ્રતિમા માટે જમીન સારાભાઈ પરિવાર દ્વારા પુરી પાડવામાં આવશે. વિક્રમ સારાભાઈ જે સ્થળે ટેબલ-ખુરશી પર કામ કરવા બેસતા હતા તે જ સ્થળે પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે.

વિક્રમ સારાભાઈ બેઠા હોય તેવી પ્રતિમા તૈયાર કરવામાં આવશે અને લોકો બાજુમાં બેસીને ફોટો પડાવી શકશે. CEEના ફાઉન્ડર અને સાબરમતી આશ્રમના ટ્રસ્ટી કાર્તિકેય સારાભાઈ જણાવ્યું કે, ડોક્ટર સારાભાઈ ખુરશી પર બેઠા હોય અને આગળ ટેબલ મુકેલું હોય તેવી પ્રતિમા તૈયાર કરવામાં આવશે. સારાભાઈના ફેવરિટ સ્પોટ પર જ પ્રતિમા મુકવામાં આવશે. વિક્રમ સારાભાઈ વિચારવા માટે અને શાંતિ માટે સાબરમતીના કિનારે આવતા હતા.



અમદાવાદમાં PRL અને ISRO ની સ્થાપના કર્યા પછી તે પોતાના સહકર્મચારીઓને પ્રોજેક્ટ્સની ચર્ચા કરવા માટે ઘરે બોલાવતા હતા. અને ઘરની બહાર ખુલ્લા વાતાવરણમાં બેસીને તેઓ ચર્ચા કરતા હતા. ઉલ્લેખનીય છે કે ૧૧ નવેમ્બર, ૧૯૪૭ના રોજ કસ્તુરભાઈ લાલભાઈ, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, કર્મક્ષેત્ર એજ્યુકેશનલ ફાઉન્ડેશન અને એટોમિક એનર્જી કમિશનના ફંડના સપોર્ટથી તેમણે સ્ત્ર સાયન્સ કોલેજમાં PRLની પહેલી લેબોરેટરીની સ્થાપના કરી હતી.

# આપણાં માલિક થવા ઇચ્છતા 'મન' ને આપણું હમસફર-દોસ્ત બનાવી લેવું વધુ ડહાપણભર્યું રહેશે

## હૃદયને મનની પ્રેયસી અને બુદ્ધિને બોસ બનાવીએ તો સંતુલન સાચવી શકીએ



અબીલ-ગુલાલ
મમતા રાવલ

આજે રેડિયોમાં વાગતું એક ગીત કાને પડ્યું, 'મેરે મન યે બતા દે તું...કીસ ઓર ચલા હૈ તું....' બાળપણથી જ આ 'મન' નામના પદાર્થ વિશે ખૂબ ઉત્સુકતા રહી. વારંવાર સાંભળવામાં આવતું 'મન ને સારું નથી લાગતું', 'મન મઝામાં છે'. કહેવતો અને રૂઢિપ્રયોગોમાં પણ 'મન' ના ઉલ્લેખ સાંભળ્યા-વાંચ્યા. આવું ઘણું-ઘણું મન વિશે આસપાસ ઘુમરાતું રહ્યું.. નાનપણથી એવો ભાસ હતો કે જે પણ હોય, 'મન' નો જીવન પર પ્રભાવ તો ખૂબ જ છે. ભણતર દરમ્યાન પણ શરીર વિજ્ઞાન ભણતા સમયે શરીરના અનેક અંગો અને એના કાર્યોની જાણકારી મળી, પણ ક્યાંય આ 'મન'નું ઠેકાણું મળ્યું નહીં. વર્ષો વહેતા રહ્યા, સાથે ઉત્સુકતા ઓર વધતી જ રહી.....પરંતુ એ અનુત્તર હતી. એનો કોઈ પાસે કંઈ જ સ્પષ્ટ જવાબ ન હતો. છેવટે મેં પણ 'મન' મનાવી લીધું. જીવનની કેટલીક વાસ્તવિકતાઓની જેમ આ પણ માત્ર સ્વીકારી લેવું જ યોગ્ય લાગ્યું. ઉત્સુકતા સાવ ટૂંટીયું વાળીને વિચારોના તળિયે બેસી ગઈ. વર્ષો વીતી ગયા. એક દિવસ એક અખબારમાં લેખક શ્રી દીપ ત્રિવેદીના નવા પ્રસ્તુત થનાર પુસ્તક 'હું મન છું' વિશે વાંચ્યું, અને જાણે લોટરી લાગ્યાનો અનુભવ થયો...!!

તાબડતોબ પુસ્તક ખરીદ્યું. ૨૦૦ પાનાનું દળદાર પુસ્તક જોઈને વિસ્મય થયું કે, જે વિષય પર બે-ચાર લાઈનનો સંતોષકારક જવાબ નથી પામી શકી એ વિષય પર આટલું બધું !!! ઉત્સુકતા ચરમસીમાએ હતી. તરત જ પુસ્તક વાંચવાના શ્રીગણેશ કર્યા, પણ અફસોસ કે અનેક ડાયવર્ઝનને કારણે ખૂબ સુંદર એ પુસ્તક હજુ પૂરું નથી કરી શકી. પરંતુ જાણે થોડામાં ઘણું સમજાઈ ગયું અને સાથ મળ્યો અનુભવથી સાંપડેલી સમજણનો.

'મન' આપણા બધાજ અહેસાસનો માલિક છે એવું મોટાભાગે દરેક વ્યક્તિ સ્વીકારશે જ એવું હું માનું છું. જો મનને આપણામાંથી બાદ કરીએ તો સુખ-દુ:ખ, પ્રેમ-તિરસ્કાર, ખુશી-હતાશાના સંવેદનોની પણ ગેરહાજરી હોય, સાચું ને ?

'મન' જાદુઈ ચિરાગનો જીન છે....Human Resources ની વાતોમાં અને નાનપણથી જ સાંભળવામાં આવેલો માઈન્ડ પાવરનો વિષય પણ 'મન'ની દેણ છે. 'Secret' નું સિક્રેટ છે. Physiologically મનનું કોઈ અસ્તિત્વ આપણે જાણ્યું નથી, છતાં વિશાળ psychology વિષય નું જે કેન્દ્રબિંદુ છે, એ ખૂબ શક્તિશાળી તો હોવાનું જ ને. આ મનની કોઈ ચોક્કસ જગ્યા આપણા શરીરમાં આજ સુધી નિશ્ચિત કરી શકાઈ નથી.

'જીંદગી ના મિલેગી દોબારા' ફિલ્મમાં જોયેલું દરિયાના પેટાળનું સુંદર વિશ્વ યાદ હશે અને એજ રીતે દરિયામાં દરિયાઈ જીવો સાથે ઝઝૂમતાં શૂરવીરોની કહાની પણ આપણે જોઈ અને વાંચી છે. આવી અગાધ છે મનની દુનિયા ક્યારેક સુંદર તો ક્યારેક બિહામણી. એમાં મોતી પણ છે અને કાંકરા પણ. આપણે પોતે પણ મનની ગતિથી અજાણ હોઈએ છીએ. જીવનભર માત્ર સપાટી પર છબછબિયાં કરીને એને સર કર્યાનો આનંદ લઈએ છીએ, પણ ક્યારેક જો બે-ચાર ગોથાં ખવાઈ જાયતો પાછા હેમખેમ સપાટી પર અવાશે કે નહીં એની ગભરામણ વધારે નબળા પાડી દે છે. આપણી શક્તિ હણી લે છે.

આપણી પળ-પળનું સંચાલન કરતું આ મન કોયડો બનીને આપણને ગૂંચવે એ કરતાં, આપણાં માલિક થવા ઈચ્છતા આ 'મન' ને આપણું હમસફર-દોસ્ત બનાવી લેવું વધુ ડહાપણભર્યું કહેવાય.

આપણી તર્કવાદી અને તકવાદી નીતિ શું કહે છે ? મન પર બુદ્ધિનો પ્રભાવ વધે ત્યારે વ્યક્તિ ભૌતિક બાબતો પ્રત્યે આકર્ષિત થાય છે, જયારે હૃદયના પ્રભાવમાં એજ વ્યક્તિ સાવ જુદો જ ભાસે છે.

મન; હૃદય અને બુદ્ધિના સંયોજનથી અલગ-અલગ સમયે આપણી અંદર, જુદી-જુદી માનસિક્તાની એવી અલગ-અલગ રેસીપી રચે છે કે, ક્યારેક આપણને પોતાને પણ કૌતુક થાય. એમાં ક્યારેક રોમાંચ અને રોમાન્સનો વઘાર હોયતો ક્યારેક ઈર્ષા-દ્વેષ નું ડ્રેસીંગ-ટોપીંગ !!! રાજનીતિ હોય કે કુટુંબ, મિત્ર હોય કે દુશ્મન, સમૂહમાં હોઈએ કે એકલા મન હંમેશા સક્રિય શાસક રહે છે.

મનને કેળવવાની વાત વડીલો, શિક્ષકો અને પ્રબુદ્ધ લેખકોએ ઘણી જુદી-જુદી રીતે કરી છે. મનને ક્યારેક તર્ક તો ક્યારેક સમજાવટ, ક્યારેક હૂકમ તો ક્યારેક લાલચ, એટલે કે સામ-દામ-દંડ-ભેદની નીતિથી જે વ્યક્તિ પોતાના મન સાથે કામ લઈ શકે એ પોતે, જાતે ઘણો આનંદમાં હોઈ શકે. પોતાનું બાળક ગમે તે કરે તો પણ માત્ર લાડ કરવાની માનસિક્તાની જેમ પોતાના મન ને પણ માત્ર લાડ જ કરનાર વર્ગ મોટો છે. યોગ્ય કારણો, યોગ્ય દલીલો હોવા છતાં મનનાં અહેસાસથી અયોગ્ય બાબતોને છૂપાવવાનો છેતરામણો અને વ્યર્થ પ્રયત્ન કરીને માણસ પોતાની જ વિષમતાઓ વધારે છે અને આગળ જતાં એ પરિતાપ વ્યક્તિ, કુટુંબ, સમાજ સુધી પ્રસરી ચારેકોર અજંપો જન્માવે છે.

સંસ્કાર-શિક્ષણ આ બધુંજ છેવટે 'મન' નો દુર્લભ ખજાનો પામવાના સાધન માત્ર છે. પણ જ્યાં એ સાધનો અસરકારક નથી રહી શકતા ત્યાં 'મન' બેફામ ડ્રાયવર બની વ્યક્તિના જીવનની ગાડી પોતાની મરજી મુજબ હંકારે છે અને અનેક જીવનોમાં, અનેક તબક્કે, અનેક અકસ્માતો સર્જે છે, જે બિલકુલ ટાળી શકાય એવા હોય છે.

સાદા શબ્દોમાં કહું તો હૃદયને મનની પ્રેયસી અને બુદ્ધિ ને બોસ બનાવી ને સંતુલન સાચવી શકીએ તો કદાચ આપણે સૌથી વધુ પોતાની જાત અને પછી દુનિયાને સહાયરૂપ થઈ શકીએ. મન થકી ઉદભવતા ઉપદ્રવોથી બચી શકીએ. મનને જરાય મારવું નથી કે નાથવું પણ નથી, બસ માત્ર મનની આંગળી પકડીને આ સુંદર જીવનના દરેક પડાવ ને અનુભવવો છે. સૃષ્ટિ રચનારની કલ્પનાની સુંદરતાનો અહેસાસ કરવો છે. ચોક્કસ આ શક્ય છે જો આપણે નક્કી કરીએ તો. આ દુનિયા પરિકથાની દુનિયા જેવી બની શકે જો આપણે મક્કમ બનીએ તો.

(આપના પ્રતિભાવો આવકાર્ય છે.)